RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 40 Date: 02.12.2023 Saturday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# નેશનલ મેડિકલ કમીશનના લોગોમાં ઈન્ડિયાની જગ્યાએ ભારત, હિન્દુ દેવતા ધન્વંતરિના કલર ફોટોને લઈને સર્જાયો વિવાદ




દ્વારા તેના લોગોમાં ફેરફાર કરવામાં આવ્યા છે. તેના નવા લોગોમાં 'ઈન્ડિયા' શબ્દના બદલે 'ભારત'નો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ સિવાય તેના લોગોમાં પણ આયુર્વેદના દેવતા ધનવંતરીનો કલર ફોટો પણ જોડવામાં આવ્યો છે. જેના કારણે મોટો વિવાદ સર્જાયો છે. આ વિવાદ સર્જાતા એનએમસીએ બચાવ કરતા કહ્યું હતું કે તે જુના લોગોમાં ધનવંતરીનો બ્લેક એન્ડ વ્હાઈટ સ્કેચ હતું. પરંતુ મીડિયાની એક રિપોર્ટ અનુસાર પહેલા લાયન કેપિટલ હતું. જે હાલ ક્યારેક કમિશનના રિપ્રેઝન્ટેટિવ ઈમેજ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે.

એનએમસીના કાર્યકારી પ્રમુખ બીએન ગંગાધરે કહ્યું, 'આમાં કોઈ વિવાદ ફેલાવવા જેવું કંઈ નથી, કારણ કે તેમાં કોઈ નોંધપાત્ર ફેરફારો કરવામાં આવ્યા નથી. કાળી અને સફેદ રેખાઓથી બનેલી ધન્વંતરીની છબી પહેલાથી જ લોગોમાં હતી. બધા સભ્યોએ સર્વાનુમતે નક્કી કર્યું કે આ તસવીરમાં રંગ ઉમેરવો જોઈએ, કારણ કે બ્લેક એન્ડ વ્હાઈટ ફોટો પ્રિન્ટ કરી શકાતો નથી. જયારે એનએમસીની રચના થઇ ત્યારે પણ લોગોમાં ધનવંતરીનો ફોટો ઉપયોગમાં લેવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ભારતમાં ધનવંતરીને સ્વાસ્થ્યના દેવતા માનવામાં આવે છે ઉપરાંત અન્ય દેશોમાં તેમને હિલીંગ (ઉપચાર)ના દેવતા માનવામાં આવે છે. આ ઉપરાંત તેમણે સ્વીકાર્યું કે લોગોમાં 'ઈન્ડિયા' શબ્દના બદલે 'ભારત'નો ઉપયોગ કરવામાં આવ્યો છે. જો કે લોગોમાં આવેલા ફેરફારના કારણે સમગ્ર મામલો સામે આવતા વિવાદ સર્જાયો છે. જેમાં તેમને જણાવ્યુંકે મેડિસીન ઈન્ડસ્ટ્રીનો એક વર્ગ લોગોમાં વિજ્ઞાન અને તર્ક મુજબ ફોટો લગાવવાની માંગ કરી રહ્યા હતા. નોંધનીય છે કે આ સપ્તાહની શરૂઆતમાં કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે આયુષ્માન ભારત સ્વાસ્થ્ય અને સુખાકારી કેન્દ્રોનું નામ બદલીને આયુષ્માન આરોગ્ય મંદિર કરવાની જાહેરાત કરી હતી. તેમજ 'આરોગ્યમ પરમ ધનમ' ટેગલાઈન પણ ઉમેરવામાં આવી હતી.

## કોંગ્રેસમાં ઘણી મહિલાઓ, જેઓ શ્રેષ્ઠ મુખ્યમંત્રી બની શકે છે', મહિલા કોંગ્રેસની રેલીમાં બોલ્યા રાહુલ ગાંધી

કોંગ્રેસ ના નેતા રાહુલ ગાંધી એર્નાકુલમની મુલાકાતે છે. રાહુલે અહીં 'ઉત્સાહ' મહિલા કોંગ્રેસ દ્વારા આયોજીત સંમેલન ભાગ લીધો હતો. આ દરમિયાન તેમણે સત્તામાં મહિલાઓનો અભાવ હોવાનો ઉલ્લેખ કર્યો હતો.તેમણે કહ્યું કે, આજે આપણી પાસે મહિલા મુખ્યમંત્રીઓનો અભાવ છે. આપણી પાસે આગામી ૧૦ વર્ષમાં ૫૦ ટકા મુખ્યમંત્રી હોય, તે કોંગ્રેસ માટે સારું લક્ષ્ય હશે. આપણી પાસે ઘણી ઓછી મહિલા મુખ્યમંત્રીઓ છે. કોંગ્રેસ પાર્ટીમાં ઘણી મહિલાઓ છે, જેઓ એક શ્રેષ્ઠ મુખ્યમંત્રી બની શકે છે. રાહુલે કહ્યું કે, હવે આપણું કામ કોંગ્રેસના તમામ સ્તરે વધુમાં વધુ મહિલાઓની ભાગીદારી હોય, તે સુનિશ્ચિત કરવાનું છે.

## મણિપુરમાં હિંસા વચ્ચે પીએનબી બેંકમાંથી ૧૦ મિનિટમાં ૧૮.૮૫ કરોડની લૂંટ

ઈમ્ફાલ,તા.૧

ઉખરુલ શહેરમાં પંજાબ નેશનલ બેંક (પીએનબી)ની એક બ્રાંચમાં લૂંટની એક મોટી ઘટના બની હતી. અધિકારીઓ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, ઉખરુલમાં આવેલી પંજાબ નેશનલ બેંકની બ્રાંચમાં હથિયારો સાથે લૂંટારાઓ ઘુસી ગયા હતા અને ૧૮.૮૫ કરોડની લૂંટને અંજામ આપ્યો હતો. પોલીસે પ્રત્યક્ષદર્શીઓના હવાલાથી જણાવ્યું કે, ૮થી ૧૦ લૂંટારુઓ હથિયારો સાથે બપોરે ઉખરુલ શહેરના વ્યૂલેન્ડ-૧માં આવેલી પંજાબ નેશનલ બેંકની બ્રાંચમાં ઘુસ્યા હતા.તેમણે કહ્યું કે, જયારે બદમાશો બેંકમાં ઘૂસ્યા ત્યારે બેંકના કર્મચારીઓ આખા દિવસની લેવડદેવડ પછી પૈસાની ગણતરી કરી રહ્યા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર, આ શખ્સો પૈસાની ગણતરી કરી રહેલા કર્મચારીઓ પાસે પહોંચ્યા અને ૧૮.૮૫ કરોડ રૂપિયાની લૂંટ ચલાવી. આ તમામે માસ્ક પહેરીને રાખ્યા હતા, સાથે જ તેઓની પાસે અત્યાધુનિક હથિયારો હતા. પોલીસ અધિકારીએ કહ્યું કે, 'સુરક્ષા કર્મચારીઓ અને બેંક કર્મચારીઓને બંદૂક બતાવીને દોરડાથી બાંધી દીધા, જે બાદ રોકડ લઈને બેંકમાંથી જતા પહેલા તમામને સ્ટોર રૂમની અંદરથી બંધ કરી દીધા.' બેંક ઓથોરિટીએ આ અંગે ફરિયાદ નોંધાવી છે.

રિપોર્ટ્સ અનુસાર, બેંકમાં આટલી મોટી લૂંટની જાણ થતાં જ શહેરભરમાં ચકચાર મચી ગઈ હતી. આ લૂંટની ઘટના બાદ સુરક્ષા દળોએ લૂંટારાઓને પકડવા માટે મોટાપાયે સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. મણિપુરમાં ૭ મહિના પહેલા ફાટી નીકળેલી જાતિ હિંસા પછી પહેલીવાર ઉખરુલ શહેરમાં લૂંટની આટલી મોટી ઘટના બની છે. અગાઉ જુલાઈમાં એક ટોળકીએ ચુરાચંદપુરમાં એક્સિસ બેંકની શાખામાંથી ૧ કરોડ રૂપિયાની લૂંટ કરી હતી.

## મોદીનું દુબઇમાં મોદી, મોદી'ના નારા અને 'અબકી બાર મોદી સરકાર' જેવા નારા સાથે એમનું સ્વાગત

નવીદિલ્હી,તા.૧

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સીઓપી-૨૮ વર્લ્ડ ક્લાઈમેટ એક્શન સમિટમાં ભાગ લેવા માટે ૧ ડિસેમ્બરે દુબઈ, સંયુક્ત આરબ અમીરાત પહોંચ્યા હતા. ત્યાં એનઆરઆઈઓએ 'મોદી, મોદી' ના નારા અને તેની સાથે જ 'અબકી બાર મોદી સરકાર' સૂત્રોચ્ચાર સાથે એમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

પીએમ મોદીએ ટ્વિટ કર્યું કે 'હું સીઓપી-૨૮ સમિટમાં ભાગ લેવા માટે દુબઈ પહોંચ્યો છું. અમે સમિટની કાર્યવાહીની આતુરતાથી રાહ જોઈ રહ્યા છીએ જેનો ઉદ્દેશ વધુ સારો ગ્રહ બનાવવાનો છે.' વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ ટ્વીટ કર્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સીઓપી૨૮ વર્લ્ડ ક્લાઈમેટ એક્શન સમિટ માટે યુએઇ પહોંચ્યા. નરેન્દ્ર મોદીનું યુએઇના નાયબ વડા પ્રધાન અને ગૃહ પ્રધાન શેખ સૈફ બિન જાયદ અલ નાહ્યાને એરપોર્ટ પર સ્વાગત કર્યું હતું. ડબ્લ્યુસીએએસમાં તેમની ભાગીદારી ઉપરાંત, વડા પ્રધાન વૈશ્વિક નેતાઓ સાથે બેઠકો કરશે અને આબોહવા પગલાંને આગળ વધારવાના હેતુથી વિશેષ



કાર્યક્રમોમાં ભાગ લેશે.'

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દુબઈની એક હોટલમાં એકઠા થયેલા એનઆરઆઈને મળ્યા હતા. પીએમ મોદી જયારે દુબઈમાં તેમની હોટલ પહોંચ્યા ત્યારે ભારતીય સમુદાયના સભ્યોએ સાંસ્કૃતિક નૃત્ય કર્યું હતું. દુબઈમાં પીએમ મોદીને મળ્યા બાદ ભારતીય ડાયસ્પોરાના એક સભ્યએ કહ્યું કે હું ૨૦ વર્ષથી યુએઈમાં રહું છું પરંતુ આજે પણ એવું લાગ્યું કે જાણે મારું પોતાનું કોઈ આ દેશમાં આવ્યું છે.'

## મુખ્યમંત્રીના ચહેરા પર મૂંઝવણ વધુ, ભાજપમાં દાવેદારોની રેસમાં ઓમ બિરલા પણ આગળ આવ્યા



જયપુર,તા.૧

રાજસ્થાનમાં એક્ઝિટ પોલ જાહેર થયા બાદ હવે તમામની નજર ચૂંટણીના સત્તાવાર પરિણામો પર છે. એક્ઝિટ પોલ સાચી દિશા બતાવી રહ્યા નથી, પરંતુ તેમાંના મોટા ભાગનામાં ભાજપનો હાથ હોવાનું કહેવાય છે. સીએમ ચહેરાને લઈને ભાજપમાં એટલી જ અસમંજસ છે જેટલી એક્ઝિટ પોલમાં છે. વસુંધરા રાજે, અર્જુન રામ મેઘવાલ, ગજેન્દ્ર સિંહ શેખાવત, રાજેન્દ્ર રાઠોડથી લઈને દિયાકુમારી સુધીના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. હવે આ રેસમાં દિલ્હીના ઓમ બિરલાની એન્ટ્રી પણ જોડાઈ ગઈ છે.

ઓમ બિરલા, રાજસ્થાનના હાડોટીથી ભાજપના સૌથી અગ્રણી ચહેરાઓમાંના એક, હાલમાં લોકસભાના સ્પીકર છે. તેમનો કાર્યકાળ મે મહિનામાં પૂરો થઈ રહ્યો છે. આવી સ્થિતિમાં તેની આગામી ભૂમિકા રાજસ્થાનમાં જ હશે. શું થશે તે અંગે અત્યારે કશું કહેવું મુશ્કેલ છે. જો કે આ વખતે ટિકિટ વિતરણમાં તેમણે જે ભૂમિકા ભજવી છે તે જોતા એવું માનવામાં આવે છે કે તેઓ રાજસ્થાનના રાજકારણમાં પોતાના માટે મહત્વની ભૂમિકા શોધી રહ્યા છે.

## શિક્ષક ભરતી કૌભાંડ મામલે સીબીઆઇએ ધારાસભ્ય સહિત 3 નેતાઓના ઘરે દરોડા પાડયા

,મુર્શિદાબાદ,તા.૨

સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઇ)એ મુર્શિદાબાદ જિલ્લામાં તૃણમૂલ કૉંગ્રેસ (ટીએમસી) ધારાસભ્યના ઘરેથી બંગાળ શિક્ષણ વિભાગમાં નોકરીઓ માટે લાંચ કૌભાંડ સાથે સંબંધિત ૨૮ લાખ રૂપિયા રોકડા અને દસ્તાવેજો જપ્ત કર્યા છે. ફેડરલ એજન્સીના અધિકારીઓએ જણાવ્યું હતું કે રાજ્યભરમાં આઠ સ્થળોએ એક સાથે દરોડા પાડવામાં આવ્યા હતા. મુર્શિદાબાદના ડોમકલ મત વિસ્તારના ધારાસભ્ય ઝફીકુલ ઈસ્લામનું ઘર અને ખાનગી બી-એડ કોલેજ, કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશનના કાઉન્સિલર બપ્પાદિત્ય દાસગુપ્તાનું ઘર, સોલ્ટ લેકના કાઉન્સિલર દેબરાજ ચક્રવર્તીના બે ઘર અને ઉત્તર બંગાળના કૂચ બિહાર જિલ્લામાં વેપારી શ્યામલ કર અને અન્ય લોકોનું ઘર છે. અને ખાનગી બી.ઈડી કોલેજ પર દરોડા પાડવામાં આવ્યા હતા.

ઈસ્લામ, દાસગુપ્તા અને ચક્રવર્તીએ દાવો કર્યો હતો કે તેઓ ન તો કૌભાંડ સાથે જોડાયેલા હતા અને ન તો સ્કૂલ સ્ટાફની ભરતીમાં કોઈ ભૂમિકા ભજવી હતી, જેની તપાસ મે ૨૦૨૨માં કલકત્તા હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલા આદેશો હેઠળ સીબીઆઈ અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા કરવામાં આવી રહી હતી. રહી છે. ચક્રવર્તીએ મીડિયાને જણાવ્યું હતું કે સીબીઆઈએ તેમની બીજી મિલકત પર પણ દરોડા પાડ્યા હતા, જ્યાં તેમની પત્ની અદિતિ મુનશી (ટીએમસી ધારાસભ્ય અને પ્રખ્યાત લોક ગાયક) સંગીત શાળા ચલાવે છે.

ઈસ્લામે તેના પક્ષના સાથીદારોને કહ્યું કે તેના ઘરમાંથી જપ્ત કરાયેલા ૨૮ લાખ રૂપિયા વેચાયેલી મિલકતના છે. સીબીઆઈએ તેના ડોમકલ આવાસમાંથી કેટલાક ઘરેણાં પણ જપ્ત કર્યા છે.

## પાંચ રાજ્યોના ચૂંટણી પરિણામો જાહેર થાય તે પહેલા ફરી એકવાર કોમર્શિયલ એલીપીજી સિલિન્ડર મોંઘો થયો

નવીદિલ્હી,તા.૧

૩જી ડિસેમ્બરે પાંચ રાજ્યોના ચૂંટણી પરિણામો જાહેર થાય તે પહેલા મહિનાના પહેલા દિવસે દેશમાં ગેસ સિલિન્ડરની કિંમતમાં ફેરફાર કરવામાં આવ્યો છે. વધુ એકવાર ગેસ સિલિન્ડરની કિંમતમાં વધારો થયો છે. અહીં અમે કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમત વિશે વાત કરી રહ્યા છીએ.

કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં ૧૬ નવેમ્બરે ઘટાડો જોવા મળ્યો હતો. તે પહેલા ૧ નવેમ્બરના રોજ દેશની રાજધાની દિલ્હીમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમત ૨૦૦૦ રૂપિયાની નજીક પહોંચી ગઈ હતી.જોકે આ વખતે વધારો નજીવો રહ્યો છે. બીજી તરફ ઘરેલું ગેસ સિલિન્ડરની કિંમતની વાત કરીએ તો તેમાં કોઈ ફેરફાર જોવા મળ્યો નથી. તે છેલ્લે ઓગસ્ટના છેલ્લા દિવસે જોવા મળ્યો હતો. જ્યારે સરકારે ઘરેલુ ગેસ સિલિન્ડરની કિંમતમાં ૨૦૦ રૂપિયાનો ઘટાડો કર્યો હતો.

દેશના ચારેય મહાનગરોમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતમાં નજીવો વધારો જોવા મળ્યો છે. દેશની રાજધાની દિલ્હી અને મુંબઈમાં ૨૧ રૂપિયાનો ફેરફાર જોવા મળ્યો છે. દિલ્હીમાં ગેસ સિલિન્ડરની કિંમત ૧૭૭૫.૫૦ રૂપિયાથી ૧૭૯૬.૫૦ રૂપિયા થઈ ગઈ છે. જ્યારે મુંબઈમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમત ૧૭૨૮ રૂપિયાથી વધીને ૧૭૪૯ રૂપિયા થઈ ગઈ છે. જ્યારે કોલકાતામાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતમાં ૨૨.૫ રૂપિયાનો વધારો થયો છે અને તેની કિંમત ૧૮૮૫.૫૦ રૂપિયાથી વધીને ૧૯૦૮ રૂપિયા થઈ ગઈ છે. ચેન્નાઈમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમતમાં સૌથી વધુ ૨૬.૫ રૂપિયાનો વધારો થયો છે અને તેની કિંમત ૧૯૪૨ રૂપિયાથી વધીને ૧૯૬૮.૫૦ રૂપિયા થઈ ગઈ છે.

બીજી તરફ ઘરેલુ ગેસ સિલિન્ડરની કિંમતમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. મળતી માહિતી મુજબ દેશની રાજધાની દિલ્હીમાં ઘરેલુ ગેસ સિલિન્ડરની કિંમત ૯૦૩ રૂપિયા છે. જ્યારે કોલકાતામાં કિંમત ૯૨૯ રૂપિયા, મુંબઈમાં ૯૦૨.૫૦ રૂપિયા અને ચેન્નાઈમાં ૯૧૮.૫૦ રૂપિયા છે. ૩૦ ઓગસ્ટે સરકારે દેશભરમાં તમામ ઘરેલુ ગેસ સિલિન્ડરની કિંમતમાં ૨૦૯ રૂપિયાનો ઘટાડો કર્યો હતો. સરકારે ૨૯ ઓગસ્ટે આની જાહેરાત કરી હતી. ત્યારપછી કોઈ ફેરફાર જોવા મળ્યો નથી. જાણકારોનું માનીએ તો આગામી દિવસોમાં ઘરેલું ગેસ સિલિન્ડરની કિંમતમાં ફેરફાર થઈ શકે છે.ઉલ્લેખનીય છે કે ઘરેલુ સિલિન્ડરને રાહતથી સામાન્ય માણસની મુશ્કેલીઓ સામે રાહત થશે.

## તંત્રી લેખ......

# આતંકને ફંડિંગ

આતંકની વિષવેલ માત્ર વિચારધારના માધ્યમથી જ નથી ફેલાતી, પરંતુ આતંકી સંગઠનોને નાણાં ઉપલબ્ધ કરાવવાથી પણ તે ફૂલેફાલે છે. તેને જોતાં જ કેન્દ્ર સરકારે વિભિન્ન એજન્સીઓને એક અધિકાર આપ્યો કે તેઓ કોઈ વિલંબ વિના આતંકી સંગઠનોને આર્થિક મદદ કરનારાઓ વિરુદ્ધ કાર્યવાહી કરે અને ૨૪ કલાકમાં તેમની સંપત્તિ જપ્ત કરે, તે સમયની માંગ છે. આપણા દેશમાં આતંકી અને અલગતાવાદી સમૂહો સાથે ધર્માંતરણ દ્વારા સામાજિક તાણાવાણાને નુક્સાન પહોંચાડનારાં સંગઠનો એટલા માટે સક્રિય છે, કારણ કે તેમને ક્યાંકને ક્યાંકથી આર્થિક મદદ મળતી હોય છે. જોકે આતંકી ફંડિંગને રોકવા માટે કેટલાંય પગલાં ભરવામાં આવ્યાં છે, પરંતુ હજુ પણ તેને સંપૂર્ણ રીતે રોકી નથી શકાઈ. ગત દિવસોમાં જ ઉત્તર પ્રદેશમાં એક એવી ઘટના જોવા મળી, જેમાં પાકિસ્તાન માટે જાસૂસી કરનારા એક વ્યક્તિના ખાતામાં ૩૦ લાખ રૂપિયા મોકલવામાં આવ્યા. આ નાણાં બનાવટી સરનામાથી ખોલવામાં આવેલ એક ખાતા દ્વારા મોકલવામાં આવ્યા હતા. આ જ રીતે જમ્મુ-કાશ્મીરમાં કેટલીય વાર આવા કિસ્સા જોવા મળે છે, જે એ દર્શાવે છે કે આતંકી સંગઠનોને આર્થિક મદદ કરનારાઓ પર સંપૂર્ણ રીતે રોક નથી લગાવી શકાઈ. જમ્મુ-કાશ્મીરમાં સક્રિય આતંકી સંગઠનોને આર્થિક સહાયતા ઉપલબ્ધ કરાવવાનું કામ પાકિસ્તાની ગુપ્તચર એજન્સી આઈએસઆઇ હજુ પણ કરી રહી છે. જોકે પાકિસ્તાન આર્થિક રૂપે ભિખારી બનવાની હાલતમાં પહોંચી ગયું છે, પરંતુ તે ભારત માટે ખતરો બનેલા આતંકી સંગઠનોને આર્થિક મદદ કરવાનું ચૂકતું નથી.

દેશમાં શંકાસ્પદ દેખાતાં કેટલાંક સંગઠનો એવાં પણ છે, જેમને સમાજસેવાની આડમાં દેશ-વિદેશથી આર્થિક મદદ મળે છે. આ જ રીતે માદક પદાર્થોની તસ્કરીથી પણ આતંકી સંગઠનોની આર્થિક જરૂરિયાતોને પૂરી કરી શકાય છે. એની અવગણના ન કરી શકાય કે હાલના સમયમાં એવા કેટલાય કિસ્સા જોવા મળ્યા છે,જેનાથી એ ખબર પડે છે કે જમ્મુ-કાશ્મીર અને પંજાબની સાથે પૂર્વોત્તરના આતંકી અને અલગતાવાદી જૂથ માદક પદાર્થોની તસ્કરી દ્વારા ખુદને આર્થિક રૂપે સશક્ત કરી રહ્યા છે. આ એક તથ્ય છે કે મણિપુર હિંસાની આગમાં એટલા માટે સળગ્યું, કારણ કે રાજ્ય સરકાર માદક પદાર્થોની તસ્કરી કરનારાઓ પર સકંજો કસી રહી હતી. એક સમય હતો, જ્યારે હવાલા દ્વારા આતંકી સંગઠનોને આર્થિક મદદ કરવામાં આવતી હતી. હવે આ કામ ક્રિપ્ટોકરન્સી દ્વારા પણ કરાવા લાગી છે. ક્રિપ્ટો કરન્સીના કારોબારને લઈને પ્રભાવી કાયદો ન હોવાનો ફાયદો સાઈબર અપરાધીઓ સાથે આતંકી સંગઠનો પણ ઉઠાવી રહ્યાં છે. જે રીતે આતંકી સંગઠનોને આર્થિક મદદ આપનારા સ્રોતો પર લગામ લગાવવાની જરૂરિયાત છે, એ જ રીતે નક્સલી સંગઠનોના આર્થિક સ્રોત બંધ કરવાની જરૂર છે. તેની સાથે જ એના મૂળમાં જવાની જરૂર છે કે આખરે આતંકી અને નક્સલી સંગઠન આધુનિક હથિયાર અને વિસ્ફોટક કઈ રીતે મેળવી લે છે.

## આપની આજ.......

**મેષ** આજે વધુ કામના કારણે પરિવારના સભ્યો અને જીવનસાથીને સમય આપી શકશો નહીં. કોઈ વ્યક્તિ સાથે ધાર્મિક વિવાદની ચર્ચા ના કરો. આજીવિકાના ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે.

**વૃષભ** રાજ્ય અને સરકારી ક્ષેત્રને લગતી બાબતોમાં આજનો દિવસ અનુકૂળ છે. તમારા પ્રયત્નો સફળ થશે. તમને ક્ષેત્રમાં અધિકારીઓ અને વરિષ્ઠ લોકોનો સહયોગ મળશે. પદ, પ્રતિષ્ઠા વધશે.

**મિથુન** આજે તમને રોજગારીની દિશામાં સફળતા મળશે. આજે તમને કોઈ વિશેષ કાર્યને કારણે ભેટ અને સન્માનનો લાભ મળી શકે છે. આજે તમે અન્ય લોકોનો સહયોગ મેળવી શકશો.

**કર્ક** આજે ગુપ્ત શત્રુઓ અને ઈર્ષાળુ સાથીઓથી સાવધાન રહો, તે વધુ સારું રહેશે. તમને આર્થિક દિશામાં સફળતા મળશે. લોકો તમારા વર્તનથી પ્રભાવિત થશે અને તમારી પ્રતિષ્ઠા વધશે.

**સિંહ** તમારી રાશિના જાતકોમાં માનસિક ત્રાસ ઊભો થઈ શકે છે. પરંતુ, પારિવારિક જીવનમાં પ્રેમ રહેશે. આજે સંપત્તિ, પદ, પ્રતિષ્ઠા વધશે. ધંધામાં ધનનો લાભ થશે. કોઈ બાબતે માનસિક અસ્વસ્થતા હોઈ શકે છે.

**કન્યા** તમારી શકિતમાં વધારો કરી રહ્યા છે. શત્રુ તમારી સંપત્તિ, ધનશક્તિની વૃદ્ધિની ઈર્ષ્યા કરશે. પારિવારિક જીવન સુખી રહેશે. તમને સરકારનો સંપૂર્ણ સહયોગ મળશે. અટકેલા કાર્યો પૂરા થશે.

**તુલા** આજે રોજગારી મળે તેવી સંભાવના છે. આર્થિક દિશામાં કરવામાં આવેલા પ્રયત્નો પણ સફળ થશે. તમારા ભોજનમાં નિયંત્રણ રાખો. સાસરિયાઓથી લાભ થશે. કોઈ પણ વ્યક્તિ સાથેની કોઈ વાદ-વિવાદમાં પડશો નહીં.

**વૃશ્ચિક** આજે તમે કંઈક વિશેષ અને કંઈક અલગ બતાવવા માગો છો. આજે આર્થિક દિશામાં સફળતા મળશે. વાણીની નરમાઈ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે. તમારા સ્વાસ્થ્ય વિશે સાવધાન રહેવું. ખોરાકમાં ધ્યાન રાખો.

**ધન** આ સમયે ભાઈ-બહેનો સાથે સંકલનનો અભાવ હોઈ શકે છે. જોકે વ્યાવસાયિક યોજનાને વેગ મળશે. સ્વાસ્થ્ય પ્રત્યે સભાન રહો અને બેદરકારી ટાળો. ક્ષેત્રમાં સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે.

**મકર** આજે જૂના રોગમાંથી છૂટકારો મેળવશો. ધંધાકીય દિશામાં તમને સફળતા મળશે. ખાવા-પીવામાં સમય રાખો. આજે બિનજરૂરી ખર્ચાનો સામનો કરવો પડી શકે છે. વિરોધીઓ આજે હારશે.

**કુંભ** આજે ઘર માટે જરૂરી વસ્તુઓમાં વધારો થશે. કોઈ કર્મચારી અથવા સંબંધીના કારણે તણાવ વધી શકે છે. પૈસા-વ્યવહારમાં સાવચેત રહો, નહીં તો નુકસાન થઈ શકે છે. સાસરિયા પક્ષથી તમને ફાયદો થઈ શકે છે.

**મીન** આજે જૂના ઝઘડા અને મુશ્કેલીઓમાંથી મુક્તિ મળશે. આજે વ્યાવસાયિક પ્રતિષ્ઠા વધશે. ભેટ અને સન્માનનો લાભ આજે મેળવી શકાય છે. કોઈ કાર્ય પૂર્ણ થતાં જ તમારો સ્વભાવ અને વર્ચસ્વ વધશે.

# ગીરની આસપાસના ૧૦ કિ.મી.ના વિસ્તારને ઈકોસેન્સિટિવ ઝોન જાહેર કરવા પ્રસ્તાવ



ગાંધીનગર,તા.૧

રાજયના વન વિભાગે દરખાસ્ત કરી છે કે ગીર વન્યજીવ અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાનની સીમાની મહત્તમ ૧૦.૨ કિમીની અંદર આવતી જમીનને ઈકો-સેન્સિટિવ ઝોન જાહેર કરવામાં આવે. સેઝએ સંરક્ષિત વિસ્તારની આસપાસનો બફર ઝોન છે જે ગેરકાયદેસર ખાણકામ અને તેની આસપાસના બાંધકામ જેવી પ્રવૃત્તિઓની નકારાત્મક અસરને ઘટાડે છે. એપ્રિલ ૨૦૧૭ની દરખાસ્તમાં, અભયારણ્યની આસપાસનું આ બફર ૪.૨ કિ.મી. હતું જ્યારે ૨૦૧૫માં, તે ૧૭ કિ.મી. હતું. આ પ્રસ્તાવ કેન્દ્ર સરકારને મોકલવામાં આવ્યો છે.

કેન્દ્ર સરકારની દરખાસ્તમાં જણાવાયું છે કે વન વિભાગ અથવા સેઝ મોનિટરિંગ કમિટીની સંમતિ વિના પ્રતિબંધિત વિસ્તારમાં કોઈપણ વિકાસ પ્રવૃત્તિ હાથ ધરવામાં આવશે નહીં. આ વિસ્તારમાં રેડિયો કોલર્ડ સિંહોની હિલચાલ અને જે વિસ્તારોમાં શિકારના અવશેષો મળ્યા છે તેને ધ્યાનમાં લીધા બાદ તાજેતરની દરખાસ્તમાં ઈજીઢ બાઉન્ડ્રીમાં સુધારો કરવામાં આવ્યો હતો.

સૂત્રો મુજબ નવી દરખાસ્તમાં ૨.૩ લાખ હેક્ટર વિસ્તારના લગભગ ૨૦૦ ગામોને આવરી લેવામાં આવ્યા છે. અભયારણ્યની આસપાસનો આ સેઝ એકસમાન નથી અને તે ઓછામાં ઓછા એક કિ.મી. થી મંહત્તમ ૧૦ કિ.મી. સુધીનો છે. મિતિયાલા અભયારણ્ય તરફ પ્રસ્તાવિત સેઝ પહોળાઈ શૂન્ય હતી, કારણ કે તે ઈજીઢ ગીર અભયારણ્યની સીમાને સ્પર્શે છે. સુત્રાપાડા તરફના વિસ્તારોની આસપાસ ઈજીઢ પહોળાઈ ૧૦ કિ.મી. હતી, કારણ કે અહીં પ્રાણીઓની અવરજવર સૌથી વધુ હતી.

રાજ્ય દ્વારા ૨૦૧૫-૧૬માં કેન્દ્રને મોકલવામાં આવેલી પ્રથમ દરખાસ્તમાં ૩.૩૨ લાખ હેક્ટરથી વધુ વિસ્તારના ૨૯૧ ગામોને આવરી લેતા ગીરની આસપાસના સેઝ માટે મહત્તમ પહોળાઈ ૧૭ કિ.મી. અને લઘુત્તમ ૮ કિ.મી.ની દરખાસ્ત કરવામાં આવી હતી. જો કે, ૨૦૧૭ની ચૂંટણી પહેલા રાજકીય દબાણને પગલે, રાજ્ય સરકારે સેઝ પહોળાઈને મહત્તમ ૪ કિ.મી. અને લઘુત્તમ ૫૦૦ મીટર સુધી ઘટાડીને માત્ર ૧.૧૪ લાખ હેક્ટર અને ૧૧૯ ગામોને આવરી લીધાં હતા, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે શેત્રુંજી સાથેનો વિસ્તાર એક મુખ્ય કોરિડોર તરીકે આવ્યો છે, જે સિંહોને ભાવનગર તરફ જવાની મંજૂરી આપે છે અને તેથી બફર ઝોનને અમરેલી સુધી મર્યાદિત રાખવા રાજકીય દબાણ હોવા છતાં નદીની આસપાસ સેઝ માટે તાજેતરની દરખાસ્ત પાલીતાણા સુધી લંબાવવામાં આવી હતી. આનો અર્થ એ છે કે બંને બાજુના નદીના પટથી ૫૦૦ મીટરથી વધુના વિસ્તારમાં રેતી ખનન શક્ય બનશે. જો કે, નાની નદીઓ માટે, પ્રતિબંધિત વિસ્તાર નદીના પટથી માત્ર ૨૫૦ મીટર સુધીનો હશે.જુલાઈમાં હાઈકોર્ટના આદેશ બાદ સેઝમાં સુધારો કરવામાં આવ્યો હતો જેમાં રાજ્ય સરકારને ગીર વન્યજીવ અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાનની આસપાસ બફર ઝોન માટે નવી દરખાસ્ત સબમિટ કરવાની મંજૂરી આપવામાં આવી હતી. કોર્ટે ગીરની આસપાસના ઈકો-સેન્સિટિવ ઝોનને ઘટાડવાની પ્રક્રિયા પર સ્ટે મૂક્યાના છ વર્ષ બાદ આ નિર્ણય આવ્યો છે.

૨૦૧૭માં રાજ્ય સરકારની દરખાસ્તમાં જણાવ્યા મુજબ હાઈકોર્ટે શરૂઆતમાં ગીરની આસપાસના સેઝ અંગે કેન્દ્ર દ્વારા કોઈપણ સૂચના જારી કરવા પર રોક લગાવી હતી. પર્યાવરણીય કાર્યકર્તા બિરેન પંડ્યા દ્વારા દાખલ કરાયેલી જાહેર હિતની અરજીના જવાબમાં આ કાર્યવાહી કરવામાં આવી હતી. તેમણે ૨૦૧૭માં કેન્દ્ર દ્વારા જારી કરાયેલા ડ્રાફ્ટ નોટિફિકેશન સામે વાંધો ઉઠાવ્યો હતો.

જો કે, અરજદારે રજૂઆત કરી હતી કે જો સરકાર તેની ૩.૩૨ લાખ હેક્ટરની પ્રારંભિક દરખાસ્તનું પાલન કરે તો તેને કોઈ વાંધો નથી. અધિકારીએ જણાવ્યું હતું કે નવા પ્રસ્તાવમાં માત્ર ૨.૩ લાખ હેક્ટર અને ૨૦૦ ગામોને આવરી લેવામાં આવ્યા છે. હવે જોવાનું એ રહે છે કે આખરે દરખાસ્ત સ્વીકારવામાં આવે છે કે કેમ, તેમ વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું.

# વડોદરા શહેરના એક વિસ્તારમાં પાણીપુરીની લારીઓ બંધ કરવા આદેશ



વડોદરા,તા.૧

વડોદરા શહેરના એક વિસ્તારમાં પાણીપુરીની લારીઓ બંધ કરવા આદેશ આપવામાં આવ્યા છે. જેથી હવે તે વિસ્તારમાં પાણીપુરીના રસિયાઓ પાણીપુરીનો આનંદ માણી નહીં શકે. આદેશ ન મળે ત્યાં સુધી પાણીપુરીની લારીવાળા તેમની લારી ફરી શરુ નહીં કરી શકે.કારણકે પંચાયત તરફથી ગામના વિવિધ વિસ્તારોમાં આવેલી પાણીપુરીની લારીવાળાઓને નોટિસ ફટકારવામાં આવી છે.

વાત કઈક એવી છે કે છેલ્લા થોડા દિવસથી વડોદરાના વાઘોડિયાના જરોદ ગામમાં પાણીજન્ય રોગચાળો વકર્યો છે. જેને લઈને ગામનું પંચાયત તંત્ર એક્શનમાં આવી ગયું છે પંચાયત તરફથી ગામના વિવિધ વિસ્તારોમાં આવેલી પાણીપુરીની લારીવાળાઓને નોટિસ ફટકારવામાં આવી છે. આ નોટિસમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે જ્યાં સુધી રોગચાળો કાબુમાં ન આવે ત્યાં સુધી લારીઓ બંધ રાખવા માટે આદેશ કરવામાં આવ્યા છે.બીજી તરફ તંત્ર દ્વારા આપવામાં આવેલી નોટિસનું પાલન ન કરનારા સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેનો પણ ઉલ્લેખ નોટિસ કરવામાં આવ્યો છે. વડી કચેરીમાંથી મળેલા હુકમ બાદ ગ્રામ પંચાયત તરફથી પાણીની લારીઓ બંધ કરાવવાનો નિર્ણય લીધો છે.

મહત્વનું છે કે જરોદમાં બાળકોમાં રોગચાળાનું પ્રમાણ વધી રહ્યુ છે.નોંધાયેલા ૧૪૪ દર્દીઓ પૈકી કુલ ૭૭ દર્દી સારવાર હેઠળ છે.જેમાંથી ૮ દર્દી વડોદરામાં હોસ્પિટલમાં અલગ અલગ દાખલ છે. ત્યારે આરોગ્ય વિભાગ આ રોગચાળા પર કાબુ મેળવવા કામે લાગ્યુ છે.લોકોમાં જાગૃતિ ફેલાવવાનું અને દવા વિતરણ કરવાનું કામ આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવી રહ્યુ છે.

# શિયાળામાં વીજળીની માંગ ૫૭૬૦ મેગાવોટ હોઈ શકે છે, સરળ વીજ પુરવઠા માટે તૈયારીઓ પૂર્ણ.

આ શિયાળામાં દિલ્હીમાં વીજળીની મહત્તમ માંગ ૫૭૬૦ મેગાવોટ સુધી પહોંચી શકે છે. બીએસઈએસ રાજધાની પાવર લિમિટેડ વિસ્તારમાં વીજળીની માંગ ૨૪૦૦ મેગાવોટ અને બીએસઈએસ યમુના પાવર લિમિટેડ વિસ્તારમાં ૧૨૦૦ મેગાવોટના આંકડાને સ્પર્શી શકે છે. ગયા વર્ષે, શિયાળાના મહિનાઓમાં, રાજધાનીમાં વીજળીની મહત્તમ માંગ ૫૫૨૬ મેગાવોટ સુધી પહોંચી હતી.બીઆરપીએલ વિસ્તારમાં વીજ માંગ ૨૩૩૮ એમડબ્લ્યુ હતી, જ્યારે બીવાયપીએલ વિસ્તારમાં માંગ ૧૧૮૧ સ્ઉ હતી.

બીએસઈએસએ શિયાળામાં તેના અંદાજે બે કરોડ વીજ ગ્રાહકો (જેમાંથી લગભગ ૫૦ લાખ નોંધાયેલા ગ્રાહકો છે)ને વધુ સારી રીતે વીજ પુરવઠો સુનિશ્ચિત કરવા માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરી છે. પરંપરાગત પાવર પ્લાન્ટ્સ સાથે લાંબા ગાળાના ધોરણે વીજ ખરીદી કરાર હેઠળ બીએસઈએસને પર્યાપ્ત પાવર મળશે. બીએસઈએસને ૨૦૦૦ મેગાવોટથી વધુ ગ્રીન પાવર પણ ઉપલબ્ધ થશે. આમાં એસઈસીઆઇ (સોલર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા) પાસેથી મળેલી ૮૪૦ મેગાવોટ સૌર ઊર્જાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, બીએસઈએસને ૫૪૦ મેગાવોટ હાઈડ્રો પાવર, ૫૦૦ મેગાવોટ પવન ઉર્જા અને કચરામાંથી ઉત્પન્ન થતી લગભગ ૪૦ મેગાવોટ વીજળી પણ મળશે. બીએસઈએસ વિસ્તારમાં સ્થાપિત રૂફટોપ સોલાર પાવર પ્લાન્ટ પણ ૧૫૦ મેગાવોટથી વધુ વીજળી પ્રદાન કરશે. આ વખતે શિયાળાના મહિનાઓ દરમિયાન, બીએસઈએસ તેના ગ્રાહકોની કુલ વીજળી જરૂરિયાતોના ૬૦ ટકા ગ્રીન એનર્જી દ્વારા પૂરી કરશે.

અત્યાધુનિક ટેકનોલોજીને કારણે ,બીએસઈએસ હવે લગભગ સચોટ રીતે વીજળીની માંગની આગાહી કરી શકે છે. આ માટે લોડ ફોરકાસ્ટિંગ સિસ્ટમ સિવાય મોડલિંગ ટેક્નિકનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ ટેકનોલોજી ગ્રાહકોને અવિરત વીજ પુરવઠો સુનિશ્ચિત કરવામાં ઘણી મદદરૂપ સાબિત થશે. લોડ ફોરકાસ્ટિંગ સિસ્ટમની મદદથી, બીએસઈએસ હવે ત્રણ સ્તરે પાવરની માંગનો લગભગ સચોટ અંદાજ કાઢવા સક્ષમ છે. આવતીકાલે વીજળીની માંગ કેટલી હશે તે જાણી શકાશે. આવતીકાલે વીજળીની માંગ કેટલી રહેશે તે પણ જાણી શકાય છે.

વીજળીની માંગનો ચોક્કસ અંદાજ કાઢવા માટે બીએસઈએસ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને મશીન લર્નિંગની પણ મદદ લઈ રહ્યું છે. આ ટેક્નોલોજીનો ઉપયોગ વીજળીની માંગનો લગભગ સચોટ અંદાજ લગાવીને ગ્રાહકોને વીજળીના સરળ પુરવઠામાં મદદ કરશે.

# અરવલ્લી : ટીંટોઈ પોલીસે કારમાં ૨૫૨ બોટલ સાથે વડોદરાના ગોપલ પ્રજાપતિને દબોચ્યો

શૈફાલી બારવાલે બુટલેગરો સામે લાલ આંખ કરી છે જીલ્લાના માર્ગો પરથી દારૂની હેરાફેરી અટકાવવા અને દારૂનો વેપલા કરનાર બુટલેગરો સામે શખ્ત કાર્યવાહીના આદેશના પગલે જીલ્લામાં પ્રોહિબિશનની અમલવારી માટે પોલીસ દોડાદોડી કરી રહી છે પોલીસતંત્ર લિસ્ટેડ બુટલેગરોને દબોચી જેલના સળિયા પાછળ ધકેલી રહી છેટીંટોઈ પીએસઆઇ કોમલ રાઠોડ અને તેમની ટીમે મોડાસા-શામળાજી હાઈવે પર ફૂટા ગામ નજીક વાહનોનું ચેકીગ હાથધરતાં વિદેશી દારૂ ભરેલી લાલ કલરની સ્વીફ્ટ કાર શામળાજી થી મોડાસા તરફ પસાર થઇ રહી હોવાની બાતમી મળતા સતર્ક બની બાતમી આધારિત સ્વિફ્ટને અટકાવવાનો પ્રયત્ન કરતા કાર ચાલક બુટલેગરે કાર હંકારી મુકતા પોલીસે પીછો કરી મરડીયા નજીક સ્વીફ્ટ કાર અટકાવી તલાસી લેતા અંદરથી વિદેશી દારૂની બોટલ નંગ-૫૭૬૦૦/- તથા મોબાઇલ અને કાર મળી રૂ.૪.૬૦ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી કાર ચાલક બુટલેગર ગોપાલ બાબુ પ્રજાપતિ (રહે,ઐશ્વર્યા એપાર્ટમેન્ટ,ઈલોરા વેજ માર્કેટ રોડ, ઓધવપુરા-વડોદરા અને મૂળ રહે,દધાલિયા)ને દબોચી લઇ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતોઇસરી પીએસઆઈ કિરણ દરજી અને તેમની ટીમે પોલીસ સ્ટેશનમાં ગુન્હાના નાસતા-ફરતા આરોપીઓને ઝડપી પાડવા બાતમીદારો સક્રિય કરતા ઈસરી પોલીસ સ્ટેશનમાં એક વર્ષમાં ત્રણ ત્રણ પ્રોહિબિશન ના ગુન્હામાં સંડોવાયેલ લિસ્ટેડ રાજસ્થાની બુટલેગર વાસુદેવ નાનજી કોપસા (રહે,ઝાંપા-વીછીવાડા) રાજસ્થાનથી ખાનગી વાહનમાં મુસાફરી કરી રેલ્લાવાડા આવી રહ્યો હોવાની બાતમી મળતા ઈસરી પોલીસ તાબડતોડ રેલ્લાવાડા પહોંચી વાસુદેવ નાનજી કોપસાને કોર્ડન કરી દબોચી લેતા છેલ્લા એકે વર્ષથી ઇસરી પોલીસને હંફાવતા બુટલેગરના મોતિયા મરી ગયા હતા

# ઉત્તર ગુજરાતની જીવાદોરી દાંતીવાડા ડેમનો એક દરવાજો ક્ષતિગ્રસ્ત, એક કલાકમાં ૩૦ કરોડ લિટર પાણીનો બગાડ થઈ રહ્યો છે.

પાલનપુર,તા.૧

બનાસકાંઠાના જીવાદોરી સમાન દાંતીવાડા ડેમમાંથી રવિ સિઝન માટે ખેડૂતોને પાણી આપવા ખોલાયેલા દરવાજા પૈકી એક દરવાજો ક્ષતિગ્રસ્ત બન્યો હોઇ પૂરેપૂરો બંધ થતો નથી. પરિણામે એક કલાકમાં ૩૦ કરોડ લિટર પાણીનો બગાડ થઇ રહ્યો છે. વર્તમાન સમયે ડેમના પાણીનું પ્રેશર એટલું છે કે, અંદર કોઇ સમારકામ કરવા માટે ઉતરવા પણ તૈયાર નથી. જો આવી જ સ્થિતિ રહેશે તો થોડા સમયમાં ડેમ અડધો ખાલી થઇ જશે તેવી ખેડૂતોને ચિંતા છે. જેને લઈને ખેડૂતોએ ડેમના અધિકારીઓ ઉપર બેદરકારીના આક્ષેપ લગાવતા ચીમકી ઉચ્ચારી છે કે જો તાત્કાલિક ડેમના દરવાજાનું સમારકામ કરી વેડફાતું પાણી બંધ નહિ કરાય તો ખેડૂતો આંદોલન કરશે.

આ ચોમાસામાં ઉપરવાસ અને બનાસકાંઠામાં ભારે વરસાદ થતાં બનાસકાંઠાનો જીવાદોરી સમાન



દાંતીવાડા ડેમ ચોમાસા દરમિયાન ભયજનક સપાટીએ પહોંચી જતાં ડેમના ચાર દરવાજા ખોલી બનાસનદીમાં પાણી છોડાયું હતું. જે પછી રવિસિઝનમાં ખેડૂતોની માંગણીને લઇ એક માસ અગાઉ દરવાજા ખોલી નહેર મારફતે પાણી અપાઈ રહ્યું હતુ. જોકે, બે પિયત માટે પાણી અપાયા પછી પણ નહેરમાં પાણી બંધ કરી નદીના પટમાં પાણી છોડવાનું ચાલુ રહેતા જરૂર વગરનું પાણી વેડફાતા ખેડૂતોએ તપાસ કરતાં ચોંકાવનારૂ કારણ એ સામે આવ્યું છે કે, ખોલાયેલા દરવાજા પૈકી એક દરવાજો ક્ષતિગ્રસ્ત બન્યો હોઇ પૂરેપૂરો બંધ થતો નથી. પરિણામે દોઢ મીટરની ખુલ્લી જગ્યામાંથી દર એક કલાકમાં ૩૦ કરોડ લીટર પાણીનો બગાડ થઇ રહ્યો છે. વર્તમાન સમયે ડેમના પાણીનું પ્રેશર એટલું છે કે, અંદર કોઇ સમારકામ કરવા માટે ઉતરવા પણ તૈયાર નથી.વર્તમાન સમયમાં ડેમની સપાટી ૫૯૮ ફૂટ છે દાંતીવાડા ડેમની વર્તમાન સમયની સપાટી ૫૯૮ ફૂટ છે.અને ભયજનક સપાટી ૬૦૪ ફૂટ છે જેમાંથી પ્રતિ કલાકે ૩૦૨ કયુસેક પાણી દરવાજાથી બહાર આવી રહ્યું છે. જો આવી રીતે પાણીનો બગાડ ચાલુ રહેશે તો ડેમ અડધો ખાલી થઇ જવાની શક્યતાઓ જોવામાં આવી રહી છે. જોકે ચોમાસા અગાઉ ડેમનું ઇન્સ્પેક્શન કરી બધા જ દરવાજા ચકાસી પાણી છોડવામાં આવે છે. જોકે, વર્તમાન સમયે ક્ષતિગ્રસ્ત દરવાજાના કારણે બેદરકારી સામે આવી છે. ડેમ પર માત્ર ફિક્સ પગાર આધારિત રોજમદારો ફરજ બજાવી રહ્યા હોવાના પણ ખેડૂતો આક્ષેપ કરી રહ્યા છે.ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૭માં પણ દાંતીવાડા ડેમમાંથી કેનાલ મારફતે ખેડૂતોને સિંચાઈ માટે પાણી છોડાયા બાદ ગેટ બંધ ન થવાથી પુષ્કળ પ્રમાણમાં પાણી વેડફાયું હતું. ખેડૂતોનું કહેવું છે કે અમે વર્ષોથી પાણીની તંગી ભોગવી રહ્યા છીએ જોકે આ વર્ષે કુદરતની મહેરથી દાંતીવાડા ડેમ છલોછલ ભરાતા ખેડૂતોમાં ખુશી ફેલાઈ હતી. જોકે હવે રોજનું કરોડો લીટર પાણી નકામું વેડફાઇ રહ્યું હોવાથી ખેડૂતોમાં રોષ ફૂટી નીકળ્યો છે ખેડૂતો કઈ રહ્યા છે કે ડેમમાંથી પાણી નથી વેડફાતું અમારું લોહી વેડફાઇ રહ્યું છે. જો ખુલ્લા દરવાજામાંથી પાણી વહી જશે તો આવનાર ઉનાળામાં પીવા અને ખેતીના પાણી માટે ફાંફા પડશે. જેથી તાત્કાલિક ગેટનું સમારકામ કરવામાં આવે અને વેડફાતું પાણી રોકવામાં આવે નહિ તો અમે ખેડૂતો ઉગ્ર આંદોલન કરીશું. જોકે મંગળવારે ગાંધીનગરની ટેકનિકલ એક્સપર્ટના અધિકારીઓ આવ્યા હતા અને સ્થિતિની ચકાસણી કરી હતી. આજે અમદાવાદ ટેકનિકલ એક્સપર્ટ ની ટીમ આવશે તેવા તંત્ર દાવા કરાઈ રહ્યા હોવ છતાં હજુ સુધી કોઈ ટિમ દાંતીવાડા ડેમ ઉપર ન પહોંચતા ખેડૂતોમાં ભારે આક્રોશ વ્યાપ્યો છે. દાંતીવાડા ડેમમાંથી કરોડો લીટર પાણી વેડફાઈ રહ્યું હોવાથી ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ




**Nog S S No - 162**
વિષય - સાચુ સગપણ
પ્રકાર - ગધ
શીષક - સગપણ
શબ્દ - ૧૭૦
નામ - રેખા નાકરાણી
નવી મુંબઈ

રચના.....

સાચુ સગપણ તો મારો શામળિયો તેમને નજર અંદાજ ના કરો તે જ સાચુ સગપણ.

માનવ જીવન મળતા જ સંબંધો બંધાઈ જાય છે. સૌ પ્રથમ પુરો ઘર પરિવાર તેમજ સગા વહાલા સંબંધી પહેલો સગો પડતે પડોશી તે સાચુ સગપણ.

પણ જ્યાં મળે હદય અને અંતરના તાર ત્યાં જ સાચુ સગપણ.

જીવનમાં પાણી વહે તેમ વહેતા શીખીએ આપણે સારાં તો સૌ સારા સંપથી આદરભાવ રાખીએ હમેશા નાના થવાથી સગપણ સચવાય છે.

સર્વ ધર્મ સમભાવ સૌની સાથે વાત ચીત એજ સાચુ સગપણ.

માનવ જીવનમાં સારા સંસ્કાર એટલે માનવતા અને એજ જીવનનો સાચો શણગાર તેથીજ ઓળખાય સાચુ સગપણ.

મનુષ્ય અવતાર સરવે અવતારમાં શ્રેષ્ઠ ગણાય છે કુદરતે બુદ્ધિ આપીને માનવ ને સારા નરસાનુ ભાન કરાવયુ તે સાચુ સગપણ.

વિનય વિવેક ભાવના દયા સહિષ્ણુતા અને માનવતા એજ નેક માનવીની ઓળખ છે.
તેને સાચુ સગપણ કહીએ.

એ દરેક જગ્યાએ સન્માન મેળવી શકે છે આવી વ્યકિત બધાને પ્યિ લાગે છે
તેજ વ્યકિત ની ઉપસ્થિતિ માત્ર થી પરિવારમાં શાંતિ વ્યાપે એ સાચુ સગપણ.

કંટકની કેડી કંડારી પાથરવા છે સુમન સુગંધી ફેલાવવા અંતરની અભિલાષા રાખવા સુંવાળા સ્નેહાળ સાચા સગપણ.

ગાંધીજી , શિવાજી , સરદાર , હમેશા જાળવી હતી ધીરજ સત્ય અસત્યના પાઠ શીખવી સાચા સંબંધની કરતા વીગતે વાત......

??.. રેખા નાકરાણી
નવી મુંબઈ ..??

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO- 154**

વિષયઃ- સાચું સગપણ
શીર્ષકઃ- છૂટે જીવાદોરી
શબ્દોઃ-૮૪

છૂટે જીવાદોરી તોય લાશને સગાં વ્હાલાએ જકડી છે,
છૂટે શ્વાસ દોરી ત્યારે જીવે અનંતની વાટે ગાડી પકડી છે.

★સાચું સગપણ★ અંતરાત્માથી પરમાત્મા સુધીનું હોય છે,
આખા જીવનનું દ્રશ્ય તાદશ્ય થતાં જીવ જાય ફફડી છે.

કેટલીક નાડીઓ તૂટે ત્યારે શ્વાસ ધીમેધીમે છૂટે છે,
કાયા મોહપાશમાં બંધાય કારણ એ મનથી માંકડી છે.

ચક્રવ્યૂહમાં ફસાઈને જીવ ગોળ ગોળ ચકરડી ફરે છે,
શ્વાસ પૂરો થાય ત્યારે ઈશના દ્વારની ખૂલે આંકડી છે.

લાઠીમાં નહીં અવાજ ઈશ્વરની લાકડી બહું આકરી છે,
પ્રિય સ્વર્ગસ્થ થાય ત્યારે 'વૈદેહી' ની આંતરડી કકડી છે.

બીના એન પીઠડીયા 'વૈદેહી'
અમદાવાદ

# એમસીએક્સ પર કીમતી ધાતુઓ, ક્રૂડ તેલના વાયદાના ભાવમાં એકંદરે નરમાઈ: કોટન-ખાંડીમાં સુધારો

## ડેઈલી માર્કેટ રિપોર્ટ
નૈમિષ ત્રિવેદી

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર શુક્રવારે આ લખાઈ રહ્યું છે ત્યારે વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૨૮,૦૭૮.૫૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. સોનાનો ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯ ઘટી રૂ.૬૨,૫૫૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો, જ્યારે ચાંદીનો ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૩૧ ઘટી રૂ.૭૬,૧૦૩ બોલાતો હતો. ક્રૂડ તેલનો ડિસેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૩૮ ઘટી રૂ.૬,૩૬૯ થયો હતો. કોટન-ખાંડીનો જાન્યુઆરી વાયદો ખાંડીદીઠ રૂ.૨૮૦ સુધરી રૂ.૫૭,૪૮૦ના ભાવ થયા હતા.

ગુરૂવારે મોડી રાત્રે પૂરા થતાં બીજા સત્ર સુધીમાં ૧૫,૪૦,૮૪૨ સોદાઓમાં કુલ રૂ.૧,૪૧,૬૫૩.૧૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧૭,૦૭૭.૯૮ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૨૪૫૬૪.૯૪ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ગુરૂવારે મોડી રાત્રે પૂરા થતાં બીજા સત્ર સુધીમાં ૧,૨૧,૨૯૯ સોદાઓમાં રૂ.૮,૭૬૦.૩૪ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૬૨,૫૯૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૨,૬૪૯ અને નીચામાં રૂ.૬૨,૪૨૦ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૪૬ ઘટી રૂ.૬૨,૫૫૯ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૩૫ વધી રૂ.૫૦,૪૦૭ અને ગોલ્ડ-પેટલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૬ ઘટી રૂ.૬,૧૪૧ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૯ વધી રૂ.૬૨,૬૩૯ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૫,૯૪૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૬,૩૯૯ અને નીચામાં રૂ.૭૫,૭૨૬ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૪૬૨ વધી રૂ.૭૬,૨૩૪ ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૨૧૩ વધી રૂ.૭૭,૩૨૭ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૨૨૩ વધી રૂ.૭૭,૩૧૦ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ગુરૂવારે મોડી રાત્રે પૂરા થતાં બીજા સત્ર સુધીમાં ૧૧,૮૭૯ સોદાઓમાં રૂ.૧,૩૦૮.૧૫ કરોડના વેપાર થયા હતા. તાંબુ ડિસેમ્બર વાયદો રૂ.૭૨૦.૪૦ના ભાવે ખૂલી, રૂ.૨.૩૫ વધી રૂ.૭૨૨ જ્યારે એલ્યુમિનિયમ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧.૩૦ ઘટી રૂ.૨૦૧.૨૦ તેમ જ સીસું ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૦ ઘટી રૂ.૧૮૬ના ભાવ થયા હતા. જસત ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧.૮૦ ઘટી રૂ.૨૨૩ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૨૫ ઘટી રૂ.૨૦૧.૯૫ સીસુ-મિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૪૫ ઘટી રૂ.૧૮૬.૨૦ જસત-મિની ડિસેમ્બર વાયદો રૂ.૧.૮૦ ઘટી રૂ.૨૨૩.૧૫ બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ગુરૂવારે મોડી રાત્રે પૂરા થતાં બીજા સત્ર સુધીમાં ૧,૬૩,૫૮૦ સોદાઓમાં રૂ.૬,૯૯૮.૫૯ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૪૭૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૬૪૪ અને નીચામાં રૂ.૬,૨૭૮ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૮૧ ઘટી રૂ.૬,૪૦૭ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૮૨ ઘટી રૂ.૬,૪૧૧ બંધ થયો હતો. નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૩૫ના ભાવે ખૂલી, રૂ.૧.૪૦ ઘટી રૂ.૨૩૪.૯૦ અને નેચરલ ગેસ-મિની ડિસેમ્બર વાયદો ૧.૫ ઘટી ૨૩૫.૨ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ગુરૂવારે મોડી રાત્રે પૂરા થતાં બીજા સત્ર સુધીમાં રૂ.૧૦.૯૦ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી જાન્યુઆરી વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૭,૦૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૭,૪૮૦ અને નીચામાં રૂ.૫૬,૮૨૦ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૧૦૦ ઘટી રૂ.૫૭,૨૦૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૨૦ ઘટી રૂ.૯૨૮.૫૦ બોલાયો હતો.

કામકાજની દષ્ટિએ એમસીએક્સ પર ગુરૂવારે મોડી રાત્રે પૂરા થતાં બીજા સત્ર સુધીમાં કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૮૦૪.૯૭ કરોડનાં ૪,૪૭૭.૭૯૩ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૫,૯૫૫.૩૭ કરોડનાં ૭૭૦.૫૫૧ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૪,૪૫૬.૩૭ કરોડનાં ૬,૮૬૫,૮૦૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૨,૫૪૨.૨૨ કરોડનાં ૧૦૭,૮૭૮,૦૦૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૫૯.૦૫ કરોડનાં ૭,૮૭૦ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૩૯.૩૫ કરોડનાં ૨,૧૧૬ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૬૩૯.૫૫ કરોડનાં ૮,૮૭૮ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૪૭૦.૨૦ કરોડનાં ૨૧,૦૨૪ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૪.૯૨ કરોડનાં ૮૬૪ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૫.૯૮ કરોડનાં ૬૪.૦૮ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર બંને સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૧૮૧.૧૪૨ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૧,૦૮૦.૦૮૩ ટન, તાંબાના વાયદાઓમાં ૧૪,૨૭૭.૫૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૨,૧૪૮ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૩,૧૦૫ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૩,૨૨૪ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧,૨૨૬,૦૬૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૭૧,૯૩૪,૦૦૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૮,૦૬૪ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૫૨૧.૬૪ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર ગુરૂવારે મોડી રાત્રે પૂરા થતાં બીજા સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૧૦.૨૧ કરોડનાં ૧૨૪ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૩૧૨ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૧૬,૫૧૫ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૫૧૫ અને નીચામાં ૧૬,૪૩૯ બોલાઈ, ૭૬ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૯ પોઈન્ટ ઘટી ૧૬,૪૬૪ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર ગુરૂવારે મોડી રાત્રે પૂરા થતાં બીજા સત્ર સુધીમાં રૂ.૧૨૪૫૬૪.૯૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૯૫૨.૦૯ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭૫૫.૬૪ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૧૫૧૦૪.૦૩ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૭૩૫.૮૫ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૩૦૨૩.૯૧ કરોડનું થયું હતું.

ગુરૂવારે મોડી રાત્રે પૂરા થતાં બીજા સત્ર સુધીમાં સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૬,૬૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૬૭.૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૪૪ અને નીચામાં રૂ.૯૭.૫૦ ના મથાળે અથડાઈ, બંને

આભાર - નિહારીકા રવિયા સત્રનાં અંતે રૂ.૬૨.૯૦ ઘટી રૂ.૧૧૪.૩૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૨૪૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૨.૦૫ ખૂલી, ઉપરમાં રૂ.૧૪.૧૦ અને નીચામાં રૂ.૧૦.૮૦ રહી, અંતે રૂ.૦.૯૦ ઘટી રૂ.૧૧.૯૫ થયો હતો.

સોનું જાન્યુઆરી રૂ.૬૩,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૯૩૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૯૮૦ અને નીચામાં રૂ.૮૫૨ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૬૦ ઘટી રૂ.૯૧૫.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની ડિસેમ્બર રૂ.૬૩,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૦૨ ખૂલી, ઊપરમાં રૂ.૬૩૦ અને નીચામાં રૂ.૪૭૮ રહી, અંતે રૂ.૧૧૦ ઘટી રૂ.૪૯૫.૫૦ થયો હતો.

ચાંદી ફેબ્રુઆરી રૂ.૭૭,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨,૮૫૭.૫૦ના ભાવે ખૂલી, રૂ.૧૬૬ વધી રૂ.૩,૦૫૧.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૭૭,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૨,૭૯૮ના ભાવે ખૂલી, રૂ.૧૩૧ વધી રૂ.૨,૯૨૯ થયો હતો. તાંબુ ડિસેમ્બર રૂ.૭૨૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૫૬ વધી રૂ.૯.૭૭ જસત ડિસેમ્બર રૂ.૨૨૫ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧.૨૧ ઘટી રૂ.૨.૯૯ થયો હતો. આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૬,૫૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૪૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૫૨.૮૦ અને નીચામાં રૂ.૧૫૧.૫૦ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૮.૩૦ વધી રૂ.૨૪૮.૭૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ ડિસેમ્બર રૂ.૨૪૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૭.૬૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૮.૮૫ અને નીચામાં રૂ.૧૪.૭૦ રહી, અંતે રૂ.૦.૪૦ વધી રૂ.૧૬.૭૦ થયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૬૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૭૦૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૮૦૭ અને નીચામાં રૂ.૬૮૧ ના મથાળે અથડાઈ, બંને સત્રનાં અંતે રૂ.૬૮ વધી રૂ.૭૬૧ થયો હતો, જ્યારે સોનું-મિની ડિસેમ્બર રૂ.૬૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૨૭ ખૂલી, ઊપરમાં રૂ.૨૩૮ અને નીચામાં રૂ.૧૭૩ રહી, અંતે રૂ.૪૪.૫૦ ઘટી રૂ.૧૮૦.૫૦ થયો હતો.

# બુલડોઝર વડાપ્રધાન કે વડાપ્રધાન બુલડોઝર ?

ગિરધરભાઈ . કોઈ દેશમાં બુલડોઝર વડા પ્રધાન બન્યાનો કોઈ દાખલો તમારા ધ્યાન પર આવેલ છે?'' રાજુ રદીએ મને કર્યો.

" રાજુ બુલડોઝર પણ દેશના પ્રધાનમંત્રી હતા, તને ખબર છે? " મેં સવાલ સામે સવાલ પૂછયો.

" કોણ કોણ?'' રાજુ હેબતાયો.

રાજુ. ઈંગ્લેન્ડના પ્રધાનમંત્રી વિન્સટન ચર્ચિલને બ્રિટિશ બુલડોઝર કહે છે. જેણે બ્રિટનને બીજા વિશ્વયુદ્ધમાં વિજય અપાવેલો. રાજકારણી હોવા છતાં સાહિત્ય જગતનું સર્વોત્તમ પ્રાઈઝ નોબેલ મેળવેલ હતું.''મેં મારા પ્રશ્નનો જવાબ આપ્યો.

" ગિરધરભાઈ. મિસિસ બ્રેકઝીટ કોને કહે છે?'' રાજુના કોથળામાંથી સવાલો ખૂટતા ન હતા.

" ઈંગ્લેન્ડના ૧૩ મા અને બીજા મહિલા પ્રધાનમંત્રીમે મિસિસ બ્રેકઝીટ કહે છે. જેણે યુરોપિયન યુનિયનમાંથી બ્રિટનને અલગ કર્યું " મેં રાજુને કહ્યું!!

"ગિરધરભાઈ. લીટલ પોટેટો કોને કહે છે?'' રાજુએ ઉખાણું પૂછયું.

"રાજુ.કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રુડોને લીટલ પોટેટો કહે છે.'' મેં રાજુને હુલામણા નામની વધુ જાણકારી આપી.

" હમમ્ . ગિરધરભાઈ જનરલ નોલેજ વધાર્યું છે. કાજુ ,બદામ,અક્કલકરો ખાવાનું શરૂં કર્યુ છે કે કેમ??''

"રાજુ. તને એમ લાગે છે કે રામ ભગવાનની ચરણપાદુકા સિંહાસન પર મુકી ભરતજીએ અયોધ્યાને બદલે નંદિગ્રામમા ૧૪ વરસ રાજ ચલાવેલું તેમ કોઈ કોન્ટ્રેકટર બુલડોઝર ખુરશી પર મુકી( વાસ્તવમાં ખુરશી ચપ્પલનો ભાર-પ્રભાર સહન કરી શકે. પરંતુ, બુલડોઝરનો ભાર સહન કરી શકે નહીં!!) પેલો સતયુગ હતો, આ કળિયુગ છે!!) રાજ કરી શકે નહીં. તારી કોઈ સમજફેર થાય છે.'' મેં કહ્યું.

રાજુ રદીએ મારા હાથમાં પેપર કટિંગ થમાવ્યું .

મેં પ્રેસ કટિંગ ધ્યાનથી વાંચ્યું . મારા મગજમાં એલઈડી ઝબકી.

" રાજુ તું ફેંકમફેંક કરવાનું ક્યારે બંધ કરીશ.''મેં કહ્યું.

ગિરધરભાઈ. તમે જુઓ અહીં લખ્યું છે 'બુલડોઝર ' "રાજુએ સરકારી વકીલ જેવી રેતી વધારે અમે સિમેન્ટ નહીંવત્ જેવી અધકચરી દલીલ કરી .

" જો ,રાજુ. ઉતર યુરોપમાં સ્વિડનનામનો રળિયામણો સ્કેનડીનેવિયન દેશ છે. જે જીદ્દી કે જૈંહીજ પરથી આવેલ છે.આ દેશની સ્થાપના સને ૯૮ માં રોમન સમ્રાટ ટેકટીસે કરી હતી.આ દેશનું જૂનું નામ સ્વીથીઓડ હતું.આ દેશ ૧૦૦૦ વરસથી સાર્વભૌમત્વ ધરાવે છે.સને ૧૮૦૯ થી રાજાશાહી ધરાવતું લોકતંત્ર છે. આ દેશની રાજધાની સને ૧૫૨૩ થી સ્ટોકહોમ છેબ્રિટનમાં પણ સમાન પ્રકારની રાજય વ્યવસ્થા છે. " મેં રાજુને વિગતો આપી.

" ગિરધરભાઈ. મેં સાંભળ્યું છે કે સ્વિડન દુનિયામાં સૌથી વધુ માથાદીઠ આવક ધરાવે છે. અલબત, કરવેરાનું માળખું - સ્લેબ ઉંચું છે!!'' રાજુએ વિગતોનું વમન કર્યું.

"રાજુ. સ્વિડનના પ્રધાનમંત્રી તરીકે પ્રથમવાર મહિલા મેગ્દ્લાના એન્ડરસન ચૂંટાઈ આવ્યા છે.જેનો જન્મ ૧૯૬૭ માં થયેલો.તેના પિતાજી આંકડાશાસ્ત્રના પ્રોફેસર અને મા શિક્ષિકા છે. એન્ડરસને અર્થશાસ્ત્રમાં માસ્ટર કર્યું છે. તે દેશના નાણામંત્રી હતા. મિડીયાએ તેને બુલડોઝર નામ આપ્યું છે!!'' મેં રાજુના સવાલનો પરપોટો ફોડી નાંખ્યો!!

રાજુ બુલડોઝર કચડી ન નાંખે તેની તકેદારી રાખતો તેના ઘરે પહોંચ્યો.

ભરત વૈષ્ણવ

# ફેકટરી સેફટી અને ફાયર સેફટીના નિયમોનું પાલન કરવામાં આવતું નથી અને તંત્ર અને સરકાર માત્ર જોવાનું અને દુર્ઘટના વખતે જ દોડવાનું બાકી આરામ કરવાનું કામ કરી રહી છે

ફેકટરી સેફટી અને ફાયર સેફટીના નિયમોનું પાલન કરવામાં આવતું નથી અને તંત્ર અને સરકાર માત્ર જોવાનું અને દુર્ઘટના વખતે જ દોડવાનું બાકી આરામ કરવાનું કામ કરી રહી છે જેના લીધે શ્રમિકો પોતાના જીવ ગુમાવી રહ્યાં છે તેવો ગંભીર આક્ષેપ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવકતા ડૉ. મનિષ દોશીએ જણાવ?યું હતું કે, સુરતમાં આવેલી એથર કંપનીમાં એક ભયાનક વિસ્ફોટ થયો તેમાં અનેક મજૂરો અને એન્જિનિયર્સ ઘાયલ થયાં, સાત થી વધુ શ્રમિકોએ જીવ ગુમાવ્યો છે. એથર કંપની સહિત તેનાં જેવી બીજી સાતેક કંપનીઓ વિરુધ્ધ પ્રદુષણ-માનવ સલામતિને લગતી સુનિયોજીત અવ્યવસ્થાના મામલે જીપીસીબી સુરતના રિજનલ ઓફિસરને અનેક રજુઆત કરી હતી છતાં ઔદ્યોગિક સલામતિ મુદ્દે દુર્લક્ષ સેવતાં એથર કંપનીમાં બનેલી આવી ભયાનક વિસ્ફોટ જેવી વિનાશક ઘટના આ કંપનીના સંચાલકો અને સંબંધિત સરકારી અધિકારીઓની ઘોર બેદરકારીનું જ પરિણામ છે. ગંભીર દુર્ઘટના બને તુરંત જ સંચાલકો તરફથી મૃતકો અને ઘાયલો માટે રાહતની જાહેરાત કરીને આવા જધન્ય અપરાધથી બચી ન શકે. એથર કંપનીમાં બનેલી આ વિનાશક ઘટના એ કંપનીના સંચાલકો અને સરકારી અધિકારીઓના મેળાપીપણાનું જ પરિણામ છે. કંપનીના મેનેજમેન્ટ સામે સરકારે પ્રાઈમાફેસી માનવ વધનો ગુન્હો દાખલ કરીને ભોગ બનેલ મૃતક અને ઘાયલોના પરિવારને ન્યાય આપવો જોઈએ. કંપની સાથે સંકળાયેલા લોકો ખુબ જ વગદાર અને ભાજપ સાથે નજીકના સંપર્ક હોય, જીપીસીબીના સંબંધિત અધિકારીઓ પણ ઘોર બેદરકારી દાખવી રહયાં છે. ત્યારે સંબંધિત તમામ અધિકારીઓને નીલંબિત કરીને આ ઘટનાની હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયધીશના વડપણ નીચે ઉચ્ચસ્તરીય તપાસ કરવામાં આવે. ભવિષ્યમાં ગંભીર દુર્ઘટના રોકવા માટે ઉદ્યોગો દ્વારા ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટીના નિયમોનું ચુસ્ત પણે પાલન થાય, અકસ્માતો નિવારવા માટે સરકાર તરફી ચોક્કસ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવે તેમજ એનું પાલન કરાવવા માટે એક અલાયદું વ્યવસ્થા તંત્ર ઉભું કરવામાં આવે, તો જ માનવ જીંદગીને બચાવી શકાશે.



ગુજરાતમાં ત્રણ વર્ષમાં માત્ર સુરત જીલ્લામાં જ ઔદ્યોગિક દુર્ઘટનામાં ૩૦૦ જેટલા મોત થયા છે દરેક ઔદ્યોગિક દુર્ઘટના પછી સરકાર કમીટી બનાવે છે પણ એક પણ અહેવાલ જાહેર કેમ કરતી નથી ? સરકારે બનાવેલી કમીટીનો અહેવાલ, આપેલ ભલામણોનો અમલ કેમ કરવામાં આવતો નથી ? શ્રમિકોના શ્રમને કારણે ગુજરાતની પેટ્રો કેમિકલ, સીરામીક, હિરા ઉદ્યોગ, ટેક્ષટાઈલ ઉદ્યોગ જેવા ઔદ્યોગિક એકમોમાં વારંવાર ગમખ્વાર દુર્ઘટના અંગે મંત્રીથી લઈને સંત્રી સુધી જવાબદારી ફીક્સ કરીને સખત પગલા ભરવા જોઈએ. ઔદ્યોગિક એકમોમાં થતા અકસ્માતમાં શ્રમિકોના મોતના આંકડાઓમાં ગુજરાત નંબર વન બનવા પાછળ ચૂંટણી ફંડમાં કરોડો રૂપિયાના વ્યવહારોના કારણે ભાજપા સરકારના આશીર્વાદથી આવી ગેરકાયદેસર ફેકટરીઓ ધમધોકાર ચાલી રહી છે, આવી કેમિકલ ફેકટરીઓવાળાના તાર મુખ?યમંત્રીશ્રી કાર્યાલય સુધી પથરાયેલા છે.

ઔદ્યોગિક ક્ષેત્રે સલામતી વ્યવસ્થામાં સદંતર નિષ્ફળ ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મીડીયા કન્વીનર અને પ્રવકતા ડૉ મનિષ દોશીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડાઓથી સ્પષ્ટ થાય છે કે ગુજરાતમાં ઔદ્યોગિક સલામતીના નિયમોને અવગણવાને કારણે ગુજરાત શ્રમિકોના મોતમાં સમગ્ર દેશમાં પ્રથમ ક્રમાંકે આવે છે જે ખુબજ ગંભીર બાબત છે. ૨૦૧૪-૨૧માં ૧૭૦૦ જેટલા શ્રમિકો મૃત્યુ પામ્યા હતા જયારે ૫૫૦૦ વધુ શ્રમિકો ગંભીર દુર્ઘટનામાં ઘાયલ થયા હતા. ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસના બણગા ફૂકતી ભ્રષ્ટાચારને શિષ્ટાચાર ગણતી ભાજપ સરકારના શાસનમાં સુરત જીલ્લામાં ૩૦૩ શ્રમિકો, અમદાવાદમાં ૨૬૧ શ્રમિકો, ભરૂચમાં ૨૫૨ શ્રમિકો, વલસાડમાં ૧૫૬ શ્રમિકો અને અન્ય જિલ્લાઓમાં ૬૫૯ શ્રમિકો સાથે સમગ્ર રાજ્યમાં કુલ ૧૬૩૧ જેટલા શ્રમિકોએ છેલ્લા સાત વર્ષમાં પોતાના જીવ ગુમાવ્યા છે. જે શ્રમિકોના પરસેવાના કારણે ઔદ્યોગિક એકમો ચાલી રહ્યા છે ત્યા માત્ર કહેવા પુરતી, માત્ર કાગળ ઉપર ફેકટરી ઈન્સ્પેકશનની પ્રક્રિયાને કારણે અને હપ્તારાજ-ભ્રષ્ટાચારની નીતિ રીતી ને કારણે શ્રમિકોને જીવ ગુમાવવાની દુર્ઘટનાઓ બની રહી છે. ગુજરાતમાં અનેક કેમીકલ કંપનીઓમાં ફાયર અને અન?ય સેફટીની પુરતી સુવિધાઓ નથી. ફાયર અને પ્રદૂષણ નિયંત્રણ તંત્રના અધિકારીઓ આવી ગંભીર દુર્ઘટના બન?યા બાદ હરકતમાં આવે છે અને ૨-૪ દિવસ દેખાવ કરવા પુરતા પગલાંઓ લેતા હોય છે ફરીથી તંત્ર હપ?તાઓ લઈને ઘોર નિદ્રામાં સૂઈ જાય છે પરિણામે આવી ગંભીર ઘટનાઓ બને અને નિદોર્ષ શ્રમિકો જાન ગુમાવે ત?યારે સરકાર મૃતકના પરીવારજનોને ૨-૪ લાખની સહાય આપીને સંતોષ માને છે.

## રાજ્ય માહિતી કમિશનર શ્રી કે. એમ. અધ્વર્યુ અને શ્રી વી. પી. પંડ્યાનો કાર્યકાળ પૂર્ણ થતા ગાંધીનગર ખાતે વિદાય સમારોહ યોજાયો

ગાંધીનગર

રાજ્ય માહિતી કમિશનર શ્રી કે. એમ. અધ્વર્યુ તેમજ શ્રી વી. પી. પંડ્યાનો કાર્યકાળ પૂર્ણ થતા ગાંધીનગર સર્કીટ હાઉસ ખાતે વિદાય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહના પ્રારંભે માહિતી આયોગના સચિવ શ્રી જયદિપ દ્વિવેદીએ સૌને આવકાર્યા હતા. ત્યારબાદ માહિતી આયોગ દ્વારા રાજ્ય માહિતી કમિશનરશ્રીઓને ગરિમાપૂર્ણ વિદાયમાન આપવામાં આવ્યું હતું.


આ સમારોહમાં મુખ્ય માહિતી કમિશનર શ્રી અમૃત પટેલ, રાજ્ય માહિતી કમિશનર શ્રી આર. જે. કારીઆ, પૂર્વ મુખ્ય માહિતી કમિશનર શ્રી દિલીપ ઠાકર, શ્રી વી. એસ. ગઢવી તથા પૂર્વ રાજ્ય માહિતી કમિશનર શ્રી આર. આર. વરસાણી, સામાન્ય વહીવટ વિભાગના અધિક સચિવ શ્રી જે. પી. ત્રિવેદી તથા માહિતી આયોગના અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે વિવિધ મહાનુભવો દ્વારા રાજ્ય માહિતી કમિશનર શ્રી કે. એમ. અધ્વર્યુ તેમજ શ્રી વી. પી. પંડ્યાની સુદીર્ઘ સેવાઓ દરમ્યાન હકારાત્મક અને સંવેદનશીલ અભિગમ તેમજ અજોડ વહીવટી કુનેહને બિરદાવવામાં આવી હતી. આ સાથે જ તેમની ફરજ પ્રત્યેની નિષ્ઠા તથા સમર્પણ ભાવનાની પણ ઉપસ્થિત મહાનુભવો દ્વારા નોંધ લેવામાં આવી હતી. પોતાનો કાર્યકાળ પૂર્ણ થતા બન્ને રાજ્ય માહિતી કમિશનરશ્રીઓ દ્વારા પણ તેમની સરકારી સેવા દરમિયાનના સંસ્મરણો અને અનુભવો વાગોળ્યા હતા. સાથે જ તેમણે સન્માન માટે સૌનો આભાર પણ માન્યો હતો. સમારંભના અંતે માહિતી આયોગના હિસાબી અધિકારી શ્રી બી. ટી. જાની દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

# ગુજરાતની ૧૫૭ નગરપાલિકા, ૮ મ્યુનિસિપલ કોર્પોરેશને છેલ્લાં પાંચ વર્ષથી વીજબિલ ભર્યું નથી

અમદાવાદ,તા.૧

ગુજરાતની એક બાદ એક નગર પાલિકાઓ દેવાળું ફૂંકી રહી છે. ગુજરાતની નગર પાલિકાઓ પોતાનું લાઈટ બિલ ભરી શકી નથી. વિકાસના બણગા ફૂંકતા ગુજરાતમાં મોટી મોટી વાતો થાય છે. પરંતુ જમીની હકીકત કંઈ બીજી જ છે. ગુજરાતની પાલિકાઓમાં અંધેર નગરી જેવો વહીવટ ચાલી રહ્યો છે. ટેક્સ ચૂકવ્યા બાદ પણ લોકોને તૂટેલા રસ્તાઓ, ખાડા, રખડતા ઢોરો, ટ્રાફિકની સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે વધુ એક ચોંકાવનારો ખુલાસો થયો છે. તમે તો ટેક્સ ભરી દો, પરંતું શું તમારી પાલિકા ટેક્સ ભરે છે. ગુજરાતની અનેક પાલિકાઓએ અનેક બિલ ચૂકવ્યા નથી. ગુજરાતની ૧૫૭ નગરપાલિકા, ૮ મ્યુનિસિપલ કોર્પોરેશને છેલ્લાં ચાર-પાંચ વર્ષથી વોટર વર્ક્સ અને સ્ટ્રીટ લાઈટનું વીજબિલ ભર્યુ જ નથી. વીજબિલ પેટે ૫૦૩ કરોડ ૩૫ લાખ અને ૫૭ હજાર રૂપિયા



જેટલી રકમ વીજબિલ પેટે ભરવાની બાકી છે. જેથી ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડે આ રકમ ભરવા આદેશ કર્યો છે. ઉર્જા વિતરણ કંપનીઓને ગુજરાતના વિવિધ પાલિકા અને નગરપાલિકાઓ પાસેથી ૨૪૩.૪૪ લાખ જેટલા રૂપિયા વસૂલવાના થાય છે. જે કુલ બાકી વીજબિલની રકમના ૫૦ ટકા કહેવાય. ત્યારે સરકારે પેન્ડિંગ બીલ તરત ભરી દેવા નગરપાલિકાઓને આદેશ કર્યો છે. જો સમયસર ચૂકવણી ન થાય તો શક્ય છે કે તમારા ઘરની બહાર અંધારું જોવા મળશે. સ્ટ્રીટ લાઈટો ચાલુ નહિ થાય. ગુજરાત દેવા તળે ડૂબી રહ્યું છે. ગુજરાતના માથા પર દેવાનો ડુંગર મોટો થઈ રહ્યો છે. હવે તો સ્થિતિ એવી થઈ ગઈ છે કે, ગુજરાત સરકારનું દેવું ૩,૦૦૯૬૩ કરોડ પર પહોંચી ગયુંછે. આવામાં ગુજરાતની અનેક પાલિકાઓમાં જનપ્રતિનિધિઓને બદલે વહીવટદારોનો કબજો છે. ક્યાંક ડેપ્યુટી કલેક્ટર તો ક્યાંક મામલતદારોથી વહીવટ ચાલી રહ્યો છે. આ કારણોસર ટેક્સની વસૂલાત અને વીજબિલની રકમ ચૂકવવાની બાકી હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. ત્યારે સવાલ એ છે કે, શું આ દેવુ ચૂકવવા નવુ દેવુ કરવાનું. આવામાં જનપ્રતિનિધિઓની નિમણૂંક સ્થાનિક સ્વરાજ્યોની ચૂંટણી પર આધારિત છે. જે હાલ યોજાવાની કોઈ શક્યતા દેખાઈ નથી રહી. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી હજી પેન્ડિંગ છે. તેથી લોકસભાની ચૂંટણી નજીક હોવાથી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પર અસર થઈ રહી છે.

## આયુર્વેદિક સીરપની આડમાં લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતા વ્યક્તિઓને છોડવામાં આવશે નહીં : આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ

ખેડા,

**આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલે ખેડા જિલ્લાના નડિયાદમાં આયુર્વેદિક સીરપને લગતી ઘટના સંદર્ભે જણાવ્યું છે કે, રાજ્યમાં કોઈપણ પ્રકારના કેફી પદાર્થોના વેંચાણ માટે પરવાનગી અપાઈ નથી?. આયુર્વેદિક દવાઓના ઉત્પાદન માટે પરવાના લેવા**

રાજ્યમાં કોઇપણ પ્રકારના કેફી પદાર્થના વેંચાણ માટે પરવાનગી અપાઇ નથી

નડિયાદમાં આયુર્વેદિક સીરપને લગતી ઘટના સંદર્ભે સઘન પોલીસ તપાસ હાથ ધરવામાં આવી છે

**ફરજિયાત છે. તેમણે વધુંમા કહ્યું હતું કે, નડિયાદમાં થયેલ ઘટનામાં આયુર્વેદ પદાર્થમાં કોઈ અન્ય કેમિકલની મિલાવટ હોવાનું પ્રાથમિક તપાસમાં ધ્યાનમાં આવ્યું છે. જે રાજ્ય બહાર થી આવ્યું હોવાનું પ્રાથમિક તારણ છે.**

**આ ઘટનાક્રમની જાણ થતાં પોલીસ વિભાગે તપાસ હાથ ઘરી છે. વધુંમાં ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા પણ કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ઘટનામાં આયુર્વેદ દવા સાથે અન્ય ઝેરી હાનિકારક કેમિકલની ભેળસેળ થઈ હોવાનું પ્રાથમિક તબક્કે ધ્યાને આવ્યું છે જેને વધું તપાસ માટે લ્હજીન માં મોકલ્યું હોવાનું મંત્રી શ્રી ઋષિકેશ પટેલે ઉમેર્યું હતું.**

# હાઉસિંગ એપાર્ટમેન્ટ રિડેવલપમેન્ટ ફેડરેશન નીચેની કેટલીક માંગણીઓ છે જે હજુ વિચારણીય છે.

રિડેવલોપમેન્ટમાં હયાત સભ્યોના સમજૂતી કે સંમતિ કરાર થાય છે અને તે આધારે દસ્તાવેજ પણ થાય છે. કોઈ એક રૂપિયા પૈસાનું મકાન વિસ્તારને કઈ લેણદેણ થતું નથી કે વેચાણ દસ્તાવેજ પણ થતો નથી, તો સ્ટેમ્પ ડ્યુટી લાગવી જોઈએ નહિ, ફક્ત રજિસ્ટ્રેશન ચાર્જ જ લાગવો જોઈયે અને તે પણ નાની રકમ ફિક્સ કરી દેવી જોઈએ. આ નિયમ રિડેવલોપમેન્ટ પૂરતો અને તેમાં પણ હયાત સભ્યો પૂરતો જ મર્યાદિત હોવો જોઈયે.

૨. રિડેવલોપમેન્ટ માટે જ અને રિડેવલોપમેન્ટ નિશ્ચિત થયેલ કે જેમાં કુલ હયાત સભ્યોમાંથી ૭૫% કે તેથી વધુ સભ્યો બહુમત સંમતિકરાર ને અનુસંધાને જે ત્રીપક્ષીય કરાર થયેલ હોય અને સોસાયટી તૂટવાની નક્કી થઈ જાય તેમાં કોઈ લાભાર્થીઓના દસ્તાવેજ બાકી હોય અને તેમણે ગેરકાયદેસર બાંધકામ કરેલ હોય તો ચોક્કસ પ્રકારના લેખિત (જેમાં વધારાના બાંધકામ વપરાશ ચાર્જ, પેનલ્ટી ચાર્જ અને વ્યાજ રકમ વસૂલવાના નહિ) બોન્ડ કરાવી તેમના મકાનના દસ્તાવેજ તાત્કાલિક કરી દેવા જોઈએ.

૩.લેન્ડ લીઝ હોલ્ડ ટુ લેન્ડ ફ્રી હોલ્ડ સરકારે પોલિસીમાં બંને વિકલ્પ આપવા જોઈયે એ કે હાલની પોલિસી મુજબ સરકારની મધ્યસ્થી અને બીજો લેન્ડ લીઝ હોલ્ડ ટુ લેન્ડ ફ્રી હોલ્ડ. સોસાયટી ને યોગ્ય લાગે તે વિકલ્પ પસંદ કરો શકે.૪. વધારાનો વિસ્તાર

હાલની પોલિસી મુજબ નિયમ છે કે હયાત કાર્પેટ ના મહત્તમ ૪૦% વધુ વિસ્તાર આપી શકાય. તો તેમાં મહત્તમ ની જગ્યા એ તે લઘુત્તમ ૪૦% કરવાની માંગણી છે . જેથી ઈઉજી, ૈંૈ અને કેટલીક ૈંર્ જેવી નાના કાર્પેટ એરિયા ધરાવતી કોલોનીઓના રહીશોને થોડું મોટું મકાન મળી રહે અને આવી સોસાયટીનું રિડેવલોમેન્ટ ઝડપી થાય.જો ઉપરોક્ત જણાવેલ ૪ મુદ્દાઓ પર તંત્ર સકારાત્મક વલણ અપનાવે તો રિડેવલોપમેન્ટ માં હરણફાળ પ્રગતિ અને ગતી આવશે.

# વિશ્વ-ગુરુનો ડંકો ક્યાં ખોવાયો ?

યુનેસ્કો (UNESCO) ના એક્ઝ્યુકિટિવ બોર્ડના ઉપપ્રમુખની ચૂંટણીમાં પાકિસ્તાનના ઉમેદવારને ૩૮ વોટ મળ્યા અને ભારતના ઉમેદવારને ૧૮ વોટ મળ્યા. ૨૦ વોટના તફાવતથી પાકિસ્તાનનો ઉમેદવાર જીત્યો. તો વિદેશ મંત્રાલય શું કરે છે? આટલી મોટી હાર થવાનો અંદાજ હતો તો ઉમેદવાર ઉભો રાખીને નાલેશી કેમ વહોરી? આપણા સંબંધો વિદેશો સાથે આટલા બધા બગડ્યા છે કે આપણે પાકિસ્તાન કરતા વધારે વોટ ના મળે?? આ તો વિદેશ નીતિની નિષ્ફળતા જ કહેવાય!! વિનોદ પંડ્યા.આગ

વિપક્ષનો જાતિવાદી ગણતરીનો મુદ્દો સત્તાના ગળાની ફાંસ બની ઠંડીમાં પરસેવો છોડાવી રહ્યો છે.

નેવું ટકા સામાન્ય જનતા માટે સરકારી ઉત્તમ સુવિધાના બદલે સત્તા લુંટ માટે જાતિ કોમ ધર્મના કાવતરાંથી નફરતના નશામાં ડુબાડી લાભ ઉઠાવી અનીતિના પહાડ ખડકી જનતાની લુંટ ચલાવી ક્રમશઃ કાંડ કરી સત્તા ખરીદતા ગયા. કાવતરાં ઠગાઈ પરાકાષ્ઠાએ પહોચતા દેશમાંથી સાચી રાજનીતી ભુલાઈ ગઈ.

ગુંડાને માથે સવાયો ગુંડો કે ઠગને માથે સવાયો ઠગ પેદા થાય જ.તેમ ભ્રષ્ટ સત્તા પલટવા પુરતા ઠગાઈ કરી સાચી જન સેવાની સત્તાની લાઈન પર આવે તો જનતાના નસીબ.નહી તો કરોડોના વિમાન પાર્ટી ઑફિસો ઉડાઉડ સાથે અપપ્રચારથી પ્રધાનમંત્રીના બદલે પ્રચારમંત્રી તાયફા મેકઅપ કપડાં બદલવાની ઐયાશીમાં મસ્ત રહી નફરતના નવા પડીકા ફેંકતા રહે તે જનતાએ નફરતના નશામાં પડ્યા પડ્યા જોતાં રહેવાનું મળે. વિનોદ પંડ્યા આગ

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને ગુજરાત ડેલીગેશન સાથે જાપાનનો પ્રવાસ પૂર્ણ કરી શુક્રવારે સિંગાપોર પહોંચ્યું

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪ના પ્રમોશન અને સમિટમાં સિંગાપોરની સહભાગીતા પ્રેરિત કરવા આ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે સિંગાપોર પ્રવાસનો પ્રારંભ સિંગાપોરના ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રી મિનિસ્ટર શ્રીયુત ગેન કિમ યોંગ સાથેની મુલાકાત બેઠકથી કર્યો હતો.

શ્રી ભુપેન્દ્ર પટેલે ત્યારબાદ સિંગાપોરના મોનેટરી ઓથોરિટીના ચીફ ટેકનોલોજી ઓફિસર સોપનેન્દુ મોહંતી તેમજ સિંગાપોર બિઝનેસ ફેડરેશનના સીઈઓ શ્રીયુત પ્રસુન મુખર્જી અને ડેલીગેશન સાથે બેઠક યોજી હતી.

★સિંગાપોરના વેપાર અને ઉદ્યોગ મંત્રી શ્રીયુત ગેન કિમ યોંગ સાથે મુલાકાત બેઠકઃ★

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળે સિંગાપોરના વેપાર અને ઉદ્યોગ મંત્રી શ્રી ગેન કિમ યોંગ સાથે મુલાકાત દરમિયાન સિંગાપોર અને ભારત વચ્ચેના દ્વિપક્ષીય વેપાર- વણજ અને રોકાણો અંગે ચર્ચા કરી હતી. આ તકે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતને ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનાવવાના આપેલા વિઝનને સાકાર

- **સિંગાપોરના વેપાર અને ઉદ્યોગ મંત્રી**
- **સિંગાપોર મોનેટરી ઓથોરીટીના ચીફ ટેકનોલોજી ઓફિસર**
- **સિંગાપોર બિઝનેસ ફેડરેશન**

કરવામાં ગુજરાત અગ્રણી રાજ્ય છે. વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં ગુજરાત વિકાસનું રોલ-મોડેલ બન્યું છે એમ પણ તેમણે કહ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી કહ્યું કે ગુજરાતમાં રીન્યુઅલ એનર્જી, ઈલેક્ટ્રીક વ્હીકલ્સ, સેમિકન્ડક્ટર, ફૂડ પ્રોસેસિંગ, ડેરી પ્રોડક્ટ જેવા ઈર્મજિંગ સેક્ટરમાં મૂડી રોકાણ લાવવા માટે સરકાર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના લોજિસ્ટિક સેક્ટરની ઉપયોગિતા સંદર્ભે જણાવ્યું કે, ગ્લોબલી કનેક્ટેડ મલ્ટિપલ લોકેશન્સ અને લાંબી કોસ્ટ લાઈનને કારણે ગુજરાત ભારતનું લોજિસ્ટિક હબ તરીકે ઉભરી રહ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ સિંગાપોરના ઉદ્યોગ અને વેપાર મંત્રીને વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪માં સહભાગી થવા માટે આમંત્રણ પાઠવ્યું હતું.

બેઠક દરમિયાન મંત્રી શ્રી ગેન કીમે જણાવ્યું કે, ભારતમાં વિકાસની અપાર સંભાવનાઓ રહેલી છે અને સિંગાપોરની કંપનીઓ ભારત સરકારના સહયોગથી કામ કરવા તત્પર છે.

તેમણે કહ્યું કે, સિંગાપોરને સાઉથ ઈસ્ટ એશિયા રિજનમાં ફ્રુટ, વેજીટેબલ્સ અને ડેરી પ્રોડક્ટ માટેનું હબ બનાવવા માટે ગુજરાત જેવા સક્ષમ રાજ્ય સાથેનો સહયોગ તેમના માટે લાભદાયી બનશે.

તેમણે ગુજરાત ડેલીગેશનને સિંગાપોર પોર્ટની મુલાકાત લેવા માટે આમંત્રણ આપ્યું હતું સાથે જ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં પાર્ટનર કન્ટ્રી તરીકે જોડાવાની તત્પરતા દર્શાવી હતી.

★સિંગાપોર મોનેટરી ઓથોરીટીઃ★

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળે સિંગાપોરના મોનેટરી ઓથોરિટીના ચીફ ટેક્નોલોજી ઓફિસર શ્રી સોપનેન્દુ મોહંતી સાથે પણ બેઠક યોજી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતના વિકાસ અને ગુજરાતમાં રોકાણની સંભાવનાઓ અંગે આ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રીએ ગિફ્ટ સિટીમાં કાર્યરત સિંગાપોરની કંપનીઓની સફળ કામગીરી ગુજરાત-સિંગાપોરના વધતા સંબંધોનું મુખ્ય પરિબળ હોવાનો મત આ બેઠક દરમ્યાન વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રીએ શ્રી સોપનેન્દુ મોહંતીને વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪માં ભાગ લેવાનું આમંત્રણ આપ્યું હતું.

★સિંગાપોર બિઝનેસ ફેડરેશન(એસ.બી.એફ.)ના પ્રતિનિધિઓ સાથે મુલાકાતઃ★

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે સિંગાપોર બિઝનેસ ફેડરેશન(એસ.બી.એફ.)ના પ્રતિનિધિઓ સાથે મુલાકાત બેઠક યોજી હતી. એસ.બી.એફ.ના સી.ઈ.ઓ. શ્રી કોક પિંગ સુન, વાઈસ ચેરમેન(સાઉથ એશિયા બિઝનેસ ગ્રુપ)શ્રી પ્રસુન મુખર્જી, બ્લેકસ્ટોન સિંગાપોરના શ્રી ગૌતમ બેનરજી વગેરે આ બેઠકમાં સહભાગી થયા હતાં.

શ્રી ભૂપેન્દ્ર પટેલે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪માં એસ.બી.એફ.ની સક્રિય સહભાગીતાને આવકારી હતી. બેઠક દરમિયાન થયેલી ચર્ચામાં એસ.બી.એફ.ના પ્રતિનિધિઓએ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ-શોમાં ભાગ લેવાની તેમની ઉત્સુકતા વ્યક્ત કરી હતી અને તે વિશે ચર્ચા-પરામર્શ કર્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ એસ.બી.એફ. પ્રતિનિધિઓને વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪માં સહભાગી થવા માટે આમંત્રણ પાઠવ્યું હતું.

આ બેઠકમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ સાથે મુખ્ય સચિવશ્રી રાજકુમાર સહિત ગુજરાત ડેલિગેશનના સભ્યો જોડાયા હતા.







ઈન્ડિયન રોડ કોંગ્રેસ (IRC)નું ૮૨ મું વાર્ષિક સત્ર ૨ થી ૫ ડિસેમ્બર દરમિયાન મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજાશે. જે અંતર્ગત ટેક્નિકલ પ્રદર્શનનો શુભારંભ આજરોજ માન. મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ સાહેબના વરદ હસ્તે કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં મેયરશ્રી હિતેશભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા. આ વાર્ષિક સત્રમાં રોડ સુરક્ષા, એરિયલ ટ્રાફિક મેનેજમેન્ટ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત ટેક્નિકલ માહિતી, ચર્ચા સંવાદ તેમજ રિસર્ચ પેપર રજૂ કરવામાં આવશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.